



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૮૮ | ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૮, સોમવાર; ભાદરવા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ વૉર ઉગ્ર બન્યુ

**ટ્રમ્પ ચીન વિરુદ્ધ નવા ટેરિફ નાંખવાની તૈયારીમાં : પ્રશાસન ચીનને સબક શીખવવા માટે ૨૦૦ બિલિયન અમેરિકી ડોલરનો ટેરિફ વસ્તુઓ પર લાદશે**




વૉશિંગ્ટન,તા.૧૬

અમેરીકાના રાષ્ટ્રપતી ડૉનાલ્ડ ટ્રંપે ચીન વિરૂદ્ધ ચલાવેલા ટ્રેડવોરમાં સતત વૃદ્ધી કરી છે. ટ્રંપના પ્રશાસનમાં હવે ચીનને શબક શીખવવા માટે ૨૦૦ બીલીયન અમેરીકી ડૉલરનો ટેરીફ વસ્તુઓ પર લાદવાની તૈયારી કરી લીધી છે. એક રિપોર્ટ અનુસાર ટેરીફ વિવાદને લઈને બંને દેશો વચ્ચે એક વાર ફરીથી નવી વાતચીત થઈ શકે તેમ છે.

થોડા સમય પહેલા અમેરીકાના રાષ્ટ્રપતી ડૉનાલ્ડ ટ્રંપે કહ્યુ હતુ કે આ પગલાં ટુક સમયમાં લેવાશે. આ ટેરીફ ૧૦ ટકા હશે. જો કે આ વર્ષે શરૂઆતમાં ટેરીફ ૨૫ ટકા હશે તેવી માહિતી હતી. આર્થિક મામલાઓ પર નજર નાખનાર અને તમામ પ્રક્રિયાના જાણકારોનું કહેવુ છે કે ચીન અને અમેરીકાએ પહેલા જ ૫૦ બીલીયનનો ટેરીફ અકબીજાના ઉત્પાદનો પર લગાવી દીધો છે.

પેઈચીંગે ૬૦ બીલીયન અમેરિકી ડૉલરનો ટેરીફ અન્ય અમેરીકી ઉત્પાદનો પર લગાવ્યો હતો, જેની નવી યાદી તૈયાર કરી છે. ટ્રંપ પ્રશાસને નવા ટેરીફ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**ભોપાલમાં રાહુલ ગાંધી રોડ શો યોજશે**

૨૦૧૯ની લોકસભા ચૂંટણીના બ્યુગલ વાગવાના શરુ થઈ ચુકયા છે. એમપીની વિધાનસભા ચૂંટણી તે માટે ખૂબ જ મહ્ત્વની ગણાતી હોઈ રાહુલ ગાંધી આગામી તા. ૧૭મીના રોજ ભોપાલમાં રોડ શો યોજશે.

**કોલકાતાના બાગરી માર્કેટમાં ભિષણ આગ**

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાના કેનિંગ સ્ટ્રીટ સ્થિત બાગરી માર્કેટમાં ભીષણ આગ લાગી છે. આ આગમાં કરોડોનું નુકશાન થયાની ભીતિ વ્યકત કરવામાં આવી છે. ફાયરબ્રિગેડની ૩૫ ગાડીનો કાફલો આગ ઓલવવા ઘટના સ્થળે પહોંચી ગયો છે.

**નાસાએ હીમક્ષય માટે ઉપગ્ર મોકલ્યો**

અમેરિકાની અંતરીક્ષ એજન્સી નાસાએ વિશ્વવમાં હીમક્ષયની જાણકારી પ્રાપ્ત કરવા માટે અને જળવાયુ પરિવર્તનના કારણો જાણવા માટે એક અતિ આધુનિક લેસર ઉપગ્રહનું પ્રક્ષેપણ કર્યુ છે. આઈસનેટ-૨ નામના આ ઉપગ્રહને કેલીફોર્નિયાના વેડેનબર્ગ વાયુ સ્ટેશનથી પ્રક્ષેપિત કરવામાં આવ્યું છે.

**ફ્લોરેન્સ વાવાઝોડાના કારણે રેકોર્ડ બ્રેક વરસાદ**

અમેરિકાના નોર્થ સાઉથ કેરોલિનામાં ત્રાટકેલા ફ્લોરેન્સ વાવોઝાડાની તીવ્રતામાં આંશિક ઘટાડો જોવા મળ્યો છે. જો કે આ વાવાઝોડાથી ૨૦ વર્ષનો રેકોર્ડ બ્રેક વરસાદ પડતાં ભારે પૂર આવ્યું છે.

## પ્રશાંત કિશોર જેડીયુમાં જોડાયા

**નીતિશના ઉત્તરાધિકારી બને તેવી શક્યતા : આગામી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં જાણીતા રણનિતીકાર પ્રશાંત કિશોરની મહત્વની ભૂમિકા રહેશે**



નવી દિલ્હી, તા. ૧૬

તમામ અટકળો અને અંદાજો વચ્ચે ચૂંટણી વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરે આજે પોતાની રાજકીય ઈનિંગ્સની શરૂઆત કરી દીધી હતી. નવી રાજકીય ઈનિંગ્સની શરૂઆત કરતા પ્રશાંત કિશોરે જેડીયુમાં સામેલ થવાની જાહેરાત કરી છે. પટણામાં યોજાયેલી પાર્ટીની મિટિંગમાં બિહારના મુખ્યમંત્રી અને પાર્ટી વડા નિતિશકુમારે પ્રશાંત કિશોરને પાર્ટીમાં સામેલ કરવાની જાહેરાત કરી હતી. કિશોરને સામેલ કરવામાં આવ્યા બાદ નીતિશકુમારે કહ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

## પેટ્રોલ-ડીઝલના ભાવ વિક્રમ સપાટીએ પહોંચ્યા : મુંબઈમાં પેટ્રોલ ૮૯.૨૯ રૂપિયા

**છેલ્લા એક મહિનાના ગાળામાં જ પેટ્રોલની કિંમતમાં ૬ ટકા અને ડીઝલની કિંમતમાં ૮ ટકા સુધીનો વધારો થયો : ભાવ વધારાને લઇ લોકો ભારે હેરાન**

નવી દિલ્હી, તા.૧૬

પેટ્રોલ-ડીઝલની કિંમતમાં આજે પણ ભાવ વધારાનો દોર જારી રહ્યો હતો. કિંમતો નવી ઉંચી સપાટીએ પહોંચી હતી. મુંબઈમાં ચાર મહાનગરોમાં સૌથી વધુ ભાવ બોલાયા હતા. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે રવિવારના દિવસે પણ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા વધારો કરવામાં આવ્યો હતો. મુંબઈમાં પેટ્રોલની કિંમત વધીને ૮૯.૨૯ થઈ ગઈ છે જ્યારે દિલ્હીમાં ૮૧.૯૧, કોલકાતામાં ૮૩.૭૬, ચેન્નાઈમાં ૮૫.૧૫ થઈ છે. ઓએમસી દ્વારા જારી કરવામાં આવેલા ડેઈલી પ્રાઈઝ નોટિફિકેશન મુજબ આ મુજબના ભાવ રહ્યા છે. આજે ડીઝલની કિંમત મુંબઈમાં ૭૮.૨૬, દિલ્હીમાં ૭૩.૭૨, કોલકાતામાં ૭૫.૫૭ અને ચેન્નાઈમાં ૭૭.૯૪ રહી છે. પેટ્રોલની કિંમતો છેલ્લા એક મહિનાના ગાળામાં છ ટકાથી પણ વધુ વધી જતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ડિઝલની કિંમતમાં પણ આઠ ટકાનો વધારો થઈ ચુક્યો છે. તેલ કંપનીઓએ પાંચમી સપ્ટેમ્બરને બાદ કરતા ૨૬મી ઓગસ્ટથી ૧૬મી સપ્ટેમ્બર વચ્ચેના ગાળામાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત વધારો કર્યો છે.

## શતમ્ જીવમ્ શરદઃ



નવીદિલ્હી, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની આવતીકાલે જોરદાર ઉજવણી કરવા દેશમાં ભાજપના તમામ કાર્યકર અને તેમના સમર્થકો ભારે ઉત્સુક દેખાઈ રહ્યા છે . મોદી તેમના વતન રાજ્યમાં જ જન્મદિવસ મનાવનાર છે. વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં શાનદાર અને ઐતિહાસિક જીત મેળવ્યા બાદ નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બન્યા હતા. વડાપ્રધાન તરીકેના તેમના ગાળા દરમિયાન તેઓ દરેક મોરચે કેટલીક ઐતિહાસિક પહેલ કરી ચુક્યા છે. બીજી બાજુ કેટલાક લોકલક્ષી નિર્ણય લઈ ચુક્યા છે. તેમની ભારતમાં લોકપ્રિયતા આજની તારીખમાં પણ ખુબ વધારે છે. તેમના કામને લઈને વિરોધીઓ પણ વાંધો ઉઠાવે તેવી સ્થિતીમાં નથી.


